ફોજદારી કેસ નંબર 61148-18

આક  નુ સાંધણ

ઠ રા વ

આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુન્હા મુજબનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે જે કામે આરોપી હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે અને આરોપી દ્વારા જણાવવામા આવેલ છે કે હવે આવી ભુલ નહી થાય, અને ભુલથી આ બનાવ બનેલ છે જે અન્વયે રહેમ નજર કરવા અરજ કરેલ છે.

આરોપી દ્વારા સદર કબુલાત સ્વૈચ્છીક કરવામા આવેલ છે તેમ જણાય આવેલ છે અને આરોપી સામેના ગુનાનો પ્રકાર ઘ્યાને લેતા હાલના તબક્કે આરોપીને એક વખત સુધરવાની તક આપવી ન્યોયોચીત જણાય આવે છે, જે અન્વયે સદર કામે આરોપી તર્ફે કરવામાં આવેલ કબુલાત ઘ્યાને લેતા તેમજ સદર આરોપી સામેના ગુનાનો પ્રકાર ઘ્યાને લેતા અને આરોપી દ્વારા જણાવવામાં આવતા સંજોગો અન્વયે અને કેસના સંજોગોને ઘ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

– હુ ક મ –

૧. આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૫૨ અન્વયે આરોપીને મોટર વ્હિકલ એક્ટની કલમ–૧૮૫ ના ગુનામાં દોષિત ઠરાવી, રૂા.**૨૦૦૦/–**અંકે રૂપીયા **બે હજાર** નો દંડ, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

અમદાવાદ.

તા.૦૮/૧૨/૨૦૧૮.

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.
**Unique Code No. GJOO854.**

-